## જન્મદિને વધામણી



જિજ્ઞેશ જાની
પ્રેસ ફોટોગ્રાફર
(પાયલ સ્ટુડિયો)
મો. ૯૪૨૮૫ ૯૫૯૭૬



સાર્થક ગૌતમ
જીએસપીસીએલ
મો. ૯૮૨૫૦ ૦૫૪૩૬



વિનોદરાય બી પટેલ
સેક્શન અધિકારી
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
મો. ૯૭૨૬૯ ૫૦૬૩૬



તુષાર સી ધનેશ્વર
મો.૯૮૯૮૫ ૨૭૪૬૦



અર્પિત આર મહેતા
મો. ૯૩૨૮૦ ૨૦૧૫૨



નયનકુમાર દિપક ચૌહાણ



પૃથ્વીરાજસિંહ સંજયસિંહ ગોહિલ
મો. ૯૩૨૮૦ ૨૦૧૫૨

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક




ઈન્ડિયન એરફોર્સ દ્વારા ભરતી કાર્યક્રમનું આયોજન ભૂજ ખાતે કરવામાં આવ્યું હતું. મેડિકલ આસી. ટ્રેડ માટે ટેકનીકલ અને નોન ટેકનીકલ એરમેન માટેની આ ભરતી પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજવામાં આવી હતી. આ રેલીમાં રાજ્યના મોટાભાગના જિલ્લાઓના ઉમેદવારોની સાથે ગાંધીનગરના ઉમેદવારોએ પણ ભાગ લીધો હતો. સેન્ટ્રલ એરમેન સિલેક્શન બોર્ડ અંતર્ગતના ૬ એરમેન સિલેક્શન સેન્ટર દ્વારા આ ભરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. વિંગ કમાન્ડર મહેશ્વર ભોગ અને તેમની ટીમે ભૂજ એરફોર્સ સ્ટેશનની સહાયથી આ ભરતી સફળતાપૂર્વક સંપન્ન કરી હતી. ૪૦૦ જેટલા ઉમેદવારો ૨૪ નવેમ્બરે અને ૭૦૦ જેટલા ઉમેદવારો ૨૬ નવેમ્બરે આ ભરતી માટે ઉપસ્થિત રહ્યા હતા.

### આજથી હિંમતનગરમાં આરંભાતા

# રાજ્ય ખેલ મહાકુંભમાં જિલ્લાનાં ૯૩ માનસિક વિશિષ્ટ ખેલવીરો

### ગાંધીનગર શહેરના ૧૩ ખેલવીરો : એથ્લેટિક્સ, બોચી, સાઈકલિંગ, હેન્ડબૉલ, ક્રિકેટ, બેડમિન્ટન અને ટેબલ ટેનિસ જેવી રમતોમાં ભાગ લેશે

ગાંધીનગર, તા. ૨૬

હિંમતનગર ખાતે રવિવારથી આરંભાઈ રહેલી રાજ્યકક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાના ૯૩ માનસિક વિશિષ્ટ ખેલવીરો ભાગ લઈ રહ્યા છે.

૯૩ ખેલવીરો પૈકી ગાંધીનગર શહેરના ખેલવીરોની સંખ્યા ૧૩ છે.

શનિવારે આ ખેલવીરોને વિદાય આપવા ટાણે ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારી નરેશભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે જિલ્લાકક્ષાએ વિવિધ રમતોમાં પ્રથમ સ્થાને વિજેતા બનેલાં ખેલવીરો રાજ્યકક્ષાની આ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યાં છે. ૩૦ તારીખ સુધી ચાલનારી આ સ્પર્ધામાં તેઓ એથ્લેટિક્સ, બોચી, સાઈકલિંગ, હેન્ડબૉલ, ક્રિકેટ, બેડમિન્ટન અને ટેબલ ટેનિસ જેવી રમતોમાં ભાગ લેશે.

મુખ્ય કોચ અને ટીમ મેનેજર જિજ્ઞેશ રાવલ તથા ગાંધીનગર જિલ્લા સ્પેશિયલ ઑલિમ્પિક્સના સ્પોર્ટ્સ ડિરેક્ટર વિનુભાઈ ચૌધરીની તથા પંદર જેટલા વિશિષ્ટ શિક્ષકોની આગેવાનીમાં આ ખેલાડીઓ રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે. જિલ્લાના ખેલપ્રેમીઓ તરફથી આ ખેલાડીઓને શુભકામનાઓ પ્રાપ્ત થઈ રહી છે.

ડાયરેક્ટ ❤ સે

ગુસ્સામાં તમને છોડીને ગયેલા
પાછા આવી શકે છે
પણ હસતાં મુખે
તમને છોડીને ગયેલા
ક્યારેય પાછા આવતા નથી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ડિયર જિંદગી
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ડિયર જિંદગી
૧.૪૫, ૪.૩૦, ૯.૩૦
ફેન્ટાસ્ટિક બિસ્ટ્સ (અંગ્રેજી, ૩ડી)
૭.૧૫

**સ્ક્રીન-૫**
ડિયર જિંદગી
સવારે ૧૦.૦૦
ફોર્સ-૨
૩.૪૫, ૯.૪૫
સાનસેઈન : ધ લાસ્ટ બ્રિથ
૧૨.૪૫, ૬.૪૫

# આજે અમદાવાદમાં કિટલી પર યોજાશે એક વિશિષ્ટ કવિ સંમેલન

ગાંધીનગર, તા. ૨૬

સામાન્ય રીતે શૈક્ષણિક અને સાહિત્યિક સંસ્થાઓ જેવા સ્થળો પર કવિ સંમેલનો યોજાતા હોય છે. પરંતુ આ રવિવારે વિવિધ સમસ્યાઓ અને અસમાનતાઓ સામે પોતાના પ્રશ્નો ઉઠાવવાના હેતુથી કેટલાક કવિઓએ પ્રતિકાત્મક રીતે કિટલી પર કવિ સંમેલનનું આયોજન કર્યું છે. જેનું નામ જ ‘કિટલી પર કવિ સંમેલન’ એવું આપવામાં આવ્યું છે. કિટલી પર સમાજ અને દેશને સાંકળતી વિવિધ સમસ્યાઓ અંગે કવિઓ ધારદાર શૈલીમાં રજૂઆત કરશે. ખાસ કરીને વંચિત લોકોની સમસ્યાને વાચા આપવા માટે વિશેષ પ્રયાસ થશે.

આ અનોખા કવિ સંમેલનનું આયોજન ઉમેશ સોલંકી અને નિર્ધાર પ્રતિબદ્ધ સાહિત્ય મંચે કર્યું છે. આ કવિ સંમેલનમાં વજેસિંહ પારગી, જયેશ સોલંકી, અનિશ ગારંગે સહિતના કવિઓ પોતાની કૃતિઓ રજૂ કરશે. આ કાર્યક્રમની ભૂમિકા વરિષ્ઠ લેખક-પત્રકાર અને કર્મશીલ પ્રકાશ ન. શાહ બાંધશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયસુખ વાઘેલા કરશે. ઉપેન્દ્ર બારોટ કેટલીક ગીતો પણ રજૂ કરશે. આ કવિ સંમેલનના આયોજક ઉમેશ સોલંકી જણાવે છે, ‘અમારામાંથી મોટા ભાગના કવિઓ ‘બીજી ધારાની કવિતા’ લખનારા કવિઓ છે. જેનો હેતુ એક સંદેશ આપવાનો અને તેમજ સમાજની વિવિધ સમસ્યાઓ તરફ અમારો પ્રતીકાત્મક વિરોધ પ્રદર્શિત કરવાનો છે. માત્ર સરકાર જ નહિ પણ તંત્ર અને વિવિધ સામાજિક પરિસ્થિતિઓ સામે પણ. આ સામાન્ય અને વંચિત લોકોની સમસ્યાઓને વાચા આપતી કવિતાઓ છે કે, દરેકને ન્યાય કેમ ન મળે/ ૮૦ ટકા લોકો હંમેશા વંચિત જ કેમ રહે/ અમે કાવ્યાત્મક રીતે અમારી આ વાત રજૂ કરીશું. તે ઉપરાંત આ આયોજનની ખાસિયત એ છે કે, અહીં આવનાર દરેક વ્યક્તિ સ્વખર્ચે ચા પીશે. આ પ્રકારના આયોજન માટે સ્થળની પસંદગી બાબતે ઉમેશ સોલંકીએ જણાવ્યુ હતુંકે, ‘અમારી વાત રજૂ કરવાની આ એક અલગ રીત છે. આ પહેલાં પણ ગયા વર્ષે અમે એક ગીતોનું આલબમ લોન્ચ કર્યુ હતું એ પણ ચાર રસ્તા પર જ યોજ્યુ હતું. તેથી આ વખતે પણ અમે ઈનકમટેક્ષ ચાર રસ્તા, ગૂજરાત વિદ્યાપીઠની સામે આવેલી ખાડાવાળી ચાની કિટલી પર આ આયોજન કર્યુ છે.’

# વડોદરામાં દેશની પ્રથમ રેલ્વે યુનિવર્સિટીની સ્થપાશે

ગાંધીનગર, તા. ૨૬

જાન્યુઆરી, ૨૦૧૭માં યોજાનારા વાઈબ્રન્ટ ગુજરાત સમિટની પૂર્વ તૈયારીના ભાગરૂપે હાલમાં ગાંધીનગર મહાત્મા મંદિરમાં પ્રિ-સમિટના કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે.

ગુરુવારે કૌશલ્ય વિકાસ અને રોજગાર અંગે આંતરરાષ્ટ્રીય સેમિનાર યોજાયો હતો. સેમિનારમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કૌશલ્ય ક્ષમતાયુક્ત યુવાશક્તિને દેશના વિકાસમાં જોડવાનું આહવાન કર્યુ હતું અને કહ્યું હતું કે, ગુજરાત રોજગારી આપવામાં દેશભરમાં પ્રથમ છે. અહીં પીડીપીયુ, રક્ષા શક્તિ યુનિ., ફોરેન્સિક સાયન્સ યુનિ. જેવી રોજગારલક્ષી યુનિવર્સિટીઓ સ્થપાયેલી છે અને ભવિષ્યમાં વડોદરા ખાતે દેશની પ્રથમ રેલ્વે યુનિવર્સિટી પણ શરૂ કરાશે. જેના દ્વારા જોબસીકર યુવાનોને જોબ ક્રિએટર બનાવાશે.

સેમિનારમાં યુએનડીપીના ભારત ખાતેના ડેપ્યુટી કન્ટ્રી ડિરેકટર મરીના વોલ્ટરે ગુજરાતના પ્રયાસોને મહત્વના ગણાવ્યા હતા અને કહ્યું હતું કે, સામાજિક ઉન્નતિ માટે પરિવર્તન જરૂરી છે અને આ પરિવર્તન કૌશલ્ય નિર્માણ વિના શક્ય નથી.

હાલમાં કૃષિ ક્ષેત્ર, ઈજનેરી અને સેવા ક્ષેત્રો કૌશલ્યવાન માનવબળની જરૂરિયાત છે. ગુજરાતમાં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપના પ્રયોગની તેમણે ખાસ નોંધ લીધી હતી.તેમણે એમ પણ કહ્યું હતું કે, હવે ઉધોગો પણ કૌશલ્ય વિકાસ ક્ષેત્રે રોકાણ કરવા આગળ આવી રહ્યાં છે.

ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન-એઆઈસીટીઈના ચેરમેન અનિલ સહસ્ત્રબુધ્ધે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સેવેલા મેઈક ઈન ઈન્ડિયાના સપનાને સાકાર કરવા માટે સ્કિલ ઈન્ડિયાની સજ્જતા હાંસલ કરવી જરૂરી છે. પ્રથમ તો કૌશલ્ય નિર્માણ અને તેના દ્વારા સ્કિલ ઈન્ડિયાના નિર્માણ માટે સ્કિલ ગુજરાતે આજના સેમિનારથી શરૂઆત કરી દીધી છે. અન્ય રાજ્યોએ પણ ગુજરાતની જેમ વિચારવું પડશે.

# તપોબળથી વિલુપ્ત જ્ઞાન-વિજ્ઞાનને પ્રગટ કરીએ

‘વેદાદિ શાસ્ત્રોનું અનુશીલન કરનારા વિશ્વના વિજ્ઞાનીઓને પોતાના પ્રયોગમાં સફળતા મળી રહી છે, પરંતુ ક્યાંય ભારતનું નામ ઉજાગર ન થઈ જાય તેનું પણ તેઓ ધ્યાન રાખી રહ્યાં છે એવા સમયે મારે આપ સૌ વિજ્ઞાનીઓએ એટલું જ કહેવું છે કે તપોબળથી કાળક્રમ વિકૃત જ્ઞાન-વિજ્ઞાનને શુદ્ધ કરો અને વિલુપ્ત જે જ્ઞાન-વિજ્ઞાન છે, તેને પ્રગટ કરવાનું કાર્ય આપનું છે. વૈદિક ગણિતના સૂત્રોથી જ બાયનરી સિસ્ટમનું નિર્માણ થયું છે અને તેના થકી જ જગદ્‌ગુરુ ભારતી તીર્થજીનાં અંગ્રેજ શિષ્ય અને પ્રશિષ્યોએ કમ્પ્યૂટરનું નિર્માણ કર્યુ છે’, એમ અમદાવાદમાં આવેલા પુરીપીઠાધીશ્વર, જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામી નિશ્ચલાનંદ સરસ્વતીજીએ શુક્રવારે વૈદિક વિજ્ઞાન અંગે ઈસરો ખાતે પોતાના વિચારો વ્યક્ત કરતાં જણાવ્યું હતું.

‘મિસાઈલ મેન’ અને પૂર્વરાષ્ટ્રપતિ ડો.કલામનો ઉલ્લેખ કરીને પુરીપીઠાધીશ્વર જગદ્‌ગુરુ શંકરાચાર્ય નિશ્ચલાનંદ સરસ્વતીજીએ જણાવ્યું કે ડો.કલામ સાથે સાથે મારે ૪૩ મિનિટ સુધી રામ-સેતુ માટે ચર્ચા થઈ હતી. તેઓ પણ કહેતા કે આપણે રામાયણ-મહાભારતને આધાર રાખીને મિસાઈલનું નિર્માણ કર્યુ છે. રશિયાનો એક વૈજ્ઞાનિક રડી રહ્યો હતો કે જેણે ‘બ્રહ’ની શોધ કરી હતી. તે કહેતો કે મેં તો સંરક્ષણ માટે આનું નિર્માણ કર્યું હતું, પરંતુ તેનો દુરુપયોગ થઈ રહ્યો છે આવા સમયે આપણે વૈદિક વિજ્ઞાન વિકસિત કરવાનું કાર્ય આપણું છે, જેના દ્વારા ઓછામાં ઓછા ખર્ચમાં, ઘાત-પ્રતિઘાતની ભાવનાથી શૂન્ય, વિશ્વના હિત માટે નવી શોધ તમે કરી શકો છો. તથા આપ સૌ વૈદિક વિજ્ઞાન પ્રત્યે આસ્થા રાખીને દેશ અને વિશ્વને ઉત્કર્ષ તરફ લઈ જઈ શકો છો.

તેમણે જણાવ્યું કે મોટા યંત્ર બનાવ્યા પછી પણ શ્રમથી માનવ બચી શકે છે, તે શા માટે થાકેલો-દુઃખી લાગે છે, તેની પાસે સમય શા માટે ઓછો પડે છે, એનો અર્થ એ થયો કે ક્યાંક ભૂલ થઈ રહી છે. આપણે ત્યાં પણ અનેક યંત્ર બન્યા હતા. જેમાં શ્રેષ્ઠ હતું કે પુષ્પક યાન. જે યાંત્રિક દૃષ્ટિથી શ્રેષ્ઠ હતું અને પ્રદૂષણમુક્ત હતું. આપણે જે યંત્ર બનાવીએ છીએ તે ઊર્જાનાં મૂળ સ્રોત છે, તેમાં વિકૃતિ કે દૂષણ ન કરવા જોઈએ અને ઘાતક ન બનવા જોઈએ.

### નથી સમાતો હું મારા આ છ અક્ષરમાં

# કવિતાના વિશ્વમાં ચિરસ્મરણીય એવું એક નામ : રમેશ પારેખ

૨૭ નવેમ્બર, ૧૯૪૦ના રોજ ગુર્જર ધરા પર અમરેલી ગામમાં એક તેજસ્વી તારલાનો જન્મ થયો અને સમય જતાં સાહિત્યનભમાં એ ચિરંજીવી ધ્રુવ તારો બની ગયા. એમનું નામ ‘છ અક્ષર’માં આવે છે : રમેશ પારેખ. નથી સમાતો આજ હવે તો હું આ મારા છ અક્ષરમાં, એવું લખનારા કવિ રમેશ પારેખે ગીત, ગઝલ, અછાંદસ, દીર્ઘ કાવ્ય, સોનેટ, બાળકાવ્ય જેવાં વિવિધ સ્વરૂપોને અદ્‌ભૂત રીતે લયની વિશિષ્ટ તળપદી લાક્ષણિકતા સાથે આલેખ્યાં છે. અપૂર્વ પ્રાસ રચના, અસાધારણ ભાષાકર્મ, નવિન પ્રતિરૂપો, કલ્પનની તાજગી અને હૃદય સોંસરવી ઊતરી જતી તેમની કવિતાઓ દરેક ગુજરાતીને અત્યંત પ્રિય છે.

‘બંધ હોઠમાં સોળ વરસની કન્યા આળસ મરડે રે, લીલો ઘમ્મર નાગ જીવને અનરાધારે કરડે રે...’ આ એમનું પ્રખ્યાત ગીત છે. એમની ગઝલ પણ કેટલી ધ્વનિપૂર્ણ છે ! ‘ચોકની વચ્ચે પડ્યુ’તું ડૂસકું બિનવારસી, આળ મારા પર સહુએ મારું હોવાનું મૂક્યું...’ આ કવિ કવિતા દ્વારા આખા વિશ્વને ચાહે છે અને કહે છે, ‘મારું કાવ્ય એ તો મેં વિશ્વના હોઠ પર કરેલું ચુંબન છે.’ સોનલ એમનું કાલ્પનિક પાત્ર છે જે એમણે કવિતામાં સજીવન કર્યું છે. સોનલ ગીતો અનોખી ભાત પાડે છે. ‘લાવો લાવો કાગળિયો રે દોત, સોનલ દે ને લખીએ રે...’

એમણે ગઝલમાં પણ આધુનિક પ્રયોગો કર્યા છે. ‘કાગળનું આ શહેર ને પહેરું છું શાહી હું, તો લાવ પેન સોંસરો દોડીને નીકળું...’

‘ચોમાસું પૂછે છે ઢુંકડું કે પેન બાઈ, પેન બાઈ, ઈંડું ક્યાં મૂકશો ? કાગળમાં મૂકેલા ઈંડાનો સૂરજ તો ઉગ્યા પહેલાં જ જાય ડૂબી. ઈંડું ન મૂકે તો વાંઝિયા આ પેનબાઈ જાણે નહીં જીવતરની ખૂબી.’ આ કવિએ ભજન અને લોકગીતના ઢાળમાં લોકજીવનની માન્યતાઓ, રીતરિવાજો, વ્રત, કથા, શ્રદ્ધા, અંધશ્રદ્ધા, પાત્રો, દેવદેવીઓ, સંતો વગેરે સમગ્ર લોકસંસ્કૃતિને કવિતામાં વણી લીધી છે. કવિતા, સંગીત, ચિત્ર એકસાથે અનેક કલાઓને જીવંત રાખતા આ કવિ માટે મોરારિબાપુ કહે છે, ‘આ કવિ કંઈક ભાળી ગયો છે.’ એમનું ગૌરીગીત તો કંઠાભરણ બની ગયું છે. ‘ગોર માને પાંચે આંગળીએ પૂજ્યા કે નાગલા ઓછા પડ્યા...’

રમેશ પારેખ રંગદર્શી, પ્રયોગશીલ લોકબોલીના કવિ છે. અતીતરાગ, પ્રકૃતિ, પ્રણય, માણસ અને અધ્યાત્મ વિષયક વિલક્ષણ અભિવ્યક્તિ કરીને ગુજરાતી ગીતસૃષ્ટિને નવા પ્રલંબલય અને ઊંચાઈ અપાવી છે. કયા, ખડીંગ, ત્વ, સનનન, ખમ્મા આલા બાપુને વગેરે કાવ્યસંગ્રહો તથા છ અક્ષરનું નામ સમગ્ર કવિતા સંગ્રહ એમનું અમર સર્જન છે. એમણે બાળ સાહિત્યનુંય સર્જન કર્યું છે ને ‘સ્તનપૂર્વક’ નામે એક નવલિકા પણ લખી છે.

એવોર્ડની હારમાળા સર્જનારા રમેશ પારેખ દરેક ગુજરાતીના હૃદયમાં પ્રિય કવિનો એવોર્ડ મેળવે છે. ગુણવંત વ્યાસ નામના એક ભાવક ‘રમેશ કથા’ પણ કરે છે !

- સ્વાતિ શુક્લ

# ભગવદગીતા પરના ભાષ્ય ‘જ્ઞાનેશ્વરી’ના રચયિતા સંત જ્ઞાનેશ્વર



પ્રસંગસર
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

તેરમા સૈકામાં લોકોને વિઠ્ઠલભક્તિ તરફ વાળવા માટે જે સંતો થઈ ગયા તેમાં સંત જ્ઞાનેશ્વર મોખરે છે. ભૌતિક દરિદ્રતા પણ ઈશ્વરભકિત અને પવિત્રતાથી સમ્રુધ્ધ એવા પિતા વિઠ્ઠલપંત અને રૂક્ષ્મણીનું સંતાન એટલે જ્ઞાનેશ્વર.

પોતાના ચાર સંતાનોના નામ પણ વિઠ્ઠલપંતે આત્મસાક્ષાત્કાર માટેના ચાર તબક્કાઓ સુચિત કરે છે તેવા રાખ્યાં. નિવૃતિનાથ, જ્ઞાનદેવ, સોપાનદેવ અને પુત્રીનું નામ મુક્તિબાઈ. વિઠ્ઠલપંતે સ્વામી ગૈનીનાથ પાસેથી દિક્ષા લેતાં પોતે એકલા છે તેવું કહ્યું પરંતું વાસ્તવમાં તેઓ પરણેલા હતા તેની ખબર સ્વામીજીને પાછળથી પડી તેથી વિઠ્ઠલપંતને પાછા સંસારમાં મોકલવામાં આવ્યા....આમ, આશ્રમ ધર્મની મર્યાદાનું ઉલ્લંઘન કરી ઘણું મોટુ પાપ તો કર્યુ હતુ તે તેઓ જાણતા હતા પરંતુ ગુરૂના પ્રતિ નિષ્ઠા ભક્તિ પણ તેમણે નિભાવી હતી. વિઠ્ઠલપંત ધર્મની મર્યાદાના ઉલ્લંઘનની સજારૂપે પ્રાયસ્ચિત કરવા તૈયાર થયા પણ સમાજે તેમને ન સ્વિકાર્યા. પંડિતો અને ધર્માચાર્યોએ વિઠ્ઠલપંતના સંતાનોને યજ્ઞોપવીતની અનુમતિ ન આપી. પોતાને લીધે સંતાનોને ભોગવવો પડતો દંડ તેમના માટે અસહ્ય થઈ પડ્યો. આ સમાજવ્યવસ્થાથી તેઓ એટલા વ્યથિત થઈ ગયા કે પ્રયાગમાં ત્રિવેણી પ્રવાહમાં સમાધિ લીધી. પત્નિ રૂક્ષ્મણીને પણ ખબર પડતાં આ દુન્વયી સમાજમાં પતિ વગર રહેવાનું યોગ્ય ન લાગતાં તે પણ પતિને અનુસર્યા.



ચારે બાળકો અનાથ થઈ ગયાં. નજીકના સંબંધીઓએ મુખ ફેરવી લીધું. ભીખ માંગવાનો વારો આવ્યો. મોટા પુત્ર નિવ્રુતિનાથને જોતાં સ્વામી ગૈનીનાથ સમજી ગયા કે આ તો મારા શિષ્ય વિઠ્ઠલપંતનું સંતાન છે તેથી તેને સદમાર્ગે વાળવા મંત્રદિક્ષા આપી ધર્મશાસ્ત્ર અને અન્ય વિષયોનું જ્ઞાન આપવા લાગ્યા. નિવ્રુતિનાથે ઘરે આવી બધા ભાઈઓઅને બહેનને દીક્ષા આપી. આમ, મોટા ભાઈ નિવ્રુતિનાથએ બધાના ગુરુ બન્યા. ધર્મશાસ્ત્રની શિક્ષા પામી જ્ઞાનેશ્વર પોતાના નગર પાછા આવી મહાપંડિતને પોતાના દ્વિજત્વના અનાધિકારની ચર્ચા કરતાં એવા ગંભીર અને તાર્કિક પ્રશ્નો પૂંછયા જેના જવાબો આપવા માટે મહાપંડિત મુંજાયા.અન્ય પંડિતો, મહંતો ને પુરોહિતોએ શાસ્ત્રો ઉથલ-પાથલ કરી જોયાં પણ સંત જ્ઞાનેશ્વરના પ્રશ્નોના કોઈ જવાબ ના આપી શક્યા. ત્યારે જ્ઞાનેશ્વરે યજ્ઞોપવીત અને પૂજા-પાઠનો વિચાર છોડી પોતાના વાસ્તવિક ધર્મનું પાલન અને પ્રભુ ભજન કરવાનું કહેતાં પુરોહિતો ખિજાઈ તેમની મજાક ઉડાડવા લાગ્યા. પણ જ્ઞાનેશ્વર પોતાના વિચારો પર દ્રઢ રહ્યા અને મૂઢ પુરોહિતોની મજાક અને પ્રશ્નોના સચોટ જવાબો આપી તેમની સાથે તર્ક કરવાનું છોડયું અને કહ્યું કે પૂજા-પાઠ ત્યાં સુધી અધૂરા છે , જ્યા સુધી હુંદયમાં સેવા અને સદભાવનાઓ ન જાગે. આમ, તેમની નીચે પડેલા લોકો પ્રત્યેની સહાનુભૂતિ અને એમને ઉંચા ઉઠાવવા માટે સહયોગ આપવાની ભાવનાને કારણે તેઓ તે વખતની સ્થિતિને બદલવામાં સફળ રહ્યા. તેઓએ પ્રતિપાદિત કર્યુ કે ધર્મ અને ઈશ્વર ઉપરનો વિશ્વાસ જ બધા સુખોનું કેન્દ્ર અને કષ્ટ નિવારણમાં સહાયક બને છે.

જ્ઞાનેશ્વરે માત્ર પ્રવચનો કે ઉપદેશથી જ નહીં પણ લેખની અને ક્રિયાઓ દ્વારા ધર્મનો પ્રચાર કર્યો. પોતાના ગુરૂ એવા મોટાભાઈ નિવૃત્તિનાથની આજ્ઞાથી માત્ર ૧૫ વર્ષની ઉંમરે ગીતા ઉપરનું ભાષ્ય ૯૦૦૦ જેટલી ઓલી (કડી)ઓમાં સૌપ્રથમ મરાઠીમાં ભાષાંતર કર્યું. તે કડીઓને સચ્ચિદાનંદ નામના તેમના અનુયાયીએ અક્ષરદેહ આપ્યોતે“ ભાવાર્થદીપિકા’’ જે “ જ્ઞાનેશ્વરી ગીતા ’’ તરીકેપ્રખ્યાત છે. નામદેવ, નરહરિ સોનાર અને ગોરા કુંભાર જેવા તે જમાના સંતો જ્ઞાનેશ્વરના અનુયાયી બન્યા. અમરત્વની અનુભૂતિ કરાવતુ ‘અમૃતાનુભવ’ જેમાં પોતાના ભાઈ-બહેનના નામના અર્થનું સુંદર વર્ણન કરેલ છે.અહંકારી યોગી ચાંગદેવનું ગર્વહરણ કરવા માટે ઉપદેશપત્ર સ્વરૂપે લખાયેલ ‘ચાંગદેવ પાસષ્ઠિ’, અભંગો વગેરે પુસ્તકો આજે પણ આધ્યાત્મિક સાહિત્યની અમૂલ્ય સંપદા માનવામાં આવે છે. વારકરી સંપ્રદાય (મહારાષ્ટ્રનો એક ભક્તિ સંપ્રદાય)ના પ્રચારમાં સંત જ્ઞાનેશ્વરનો અમૂલ્ય ફાળો છે. આ સંપ્રદાયના ભક્તો તેમને ‘ માઉલી ’ના હુલામણા નામથી સંબોધે છે. ‘હરિપથ’ આ સંપ્રદાય માટે બાઈબલ સમાન છે. આશરે સાતસો વર્ષ પહેલાં આવા અમર અને સૌંદર્યસભર ગ્રંથોની રચના કરી જે માનવીય બુધ્ધિ માટે એક પડકારરૂપ છે. આ મહાન જ્ઞાની સંતે તે વખતે ૨૧ વર્ષની ઉંમરે સને ૧૨૯૬ ની કારતક વદ તેરસે પુણેથી તેર માઈલ દૂર આળંદી ગામે જીવતી સમાધિ લીધી તે ગામને લોકો ‘ દેવાંચી આળંદી’ કહે છે.સંત જ્ઞાનેશ્વરના ઉપદેશો અને વ્યક્તિત્વ એટલા માટે પ્રચલિત થતા હતા કેમ કે તેમણે પોતાને તથા મસ્તિષ્કને જ નહી વ્યવહાર અને રુદયને પણ સાધ્યું હતું. સુલ્તાન જલાલુદીન ખીલજીએ પણ જ્ઞાનેશ્વરની તેજસ્વી વાણી, અગાધ જ્ઞાન અને આદર્શ વ્યક્તિત્વથી પ્રભાવિત થઈને હિંદુ ધર્મ પર લગાવેલ બધાં જ પ્રતિબંધો હટાવી દીધા હતા અને બધાં લોકોને પોતપોતાના ધર્માનુસાર ઉપાસના કરવાની છૂટ આપી હતી.

## વાચકોને આમંત્રણ

**‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા**

વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**‘મારું મધુરું બાળપણ’**